## દરેક નાગરિક આ કરી શકે :

**બિનજરૂરી પાણીનો વ્યય ન કરો**

- અગાસી કે ઓટલા ધોવા માટે વધારે પડતા પાણીનો ઉપયોગ ન કરો.
- ફૂલ છોડમાં આડેધડ પાણી છાંટવાને બદલે ટંપક સિંચાઈ પદ્ધતિ કે ફુવારા પદતિનો ઉપયોગ કરવો. અથવા તો પછી બજારમાં મળતી વોટર સ્પ્રે બોટલમાં પાણી ભરીને પણ ફૂલ છોડ પર જરૂરિયાત મુજબનું જ પાણી છાંટો.
- કપડાં અને વાસણના પાણી માટે એવી વ્યવસ્થા કરો કે તે આપોઆપ ફૂલ છોડના ક્યારા સુધી પહોંચે. અને તમારે ફૂલ છોડ માટે વધારાનું પાણી ન બગાડવું પડે.
- અન્ય કામ કરી રહ્યા હો તો પાણીનો નળ ખુલ્લો ન રાખવો.
- ઘર કે બિલ્ડિંગના કામમાં નડતા વૃક્ષોને કાપવાને બદલે ઈકો ફ્રેન્ડલી ટેકનિક અપનાવીને વૃક્ષને નુકસાન ન થાયે એ રીતે બાંધકામ કરો.
- શાકભાજીનો કચરાને ક્યારામાં નાખવો તે ફૂલ છોડ માટે ઉત્તમ ખાતરનું કામ કરશે. અતિશય કૃત્રિમ ખાતરનો ઉપયોગ કરો

**વૃક્ષોનું જતન ભવિષ્યની સુરક્ષા**

- ઘર કે ઓફિસની આસપાસની જગ્યામાં અવકાશ હોય તો આસપાસ વૃક્ષો અવશ્ય ઉછેરવા.
- ઓછી જગ્યા હોય તો કીચન ગાર્ડન પણ વિકસાવી શકાય છે.
- તમારી આસપાસ ગેરકાયદે વૃક્ષ છેદન થતું હોય અથવા તો પશુ પક્ષીઓનો શિકાર થતો હોય તો તરત સંબધિત વિભાગને જાણ કરવી.
- વૃક્ષો જમીનના ધોવાણને અટકાવે છે. માટે જ્યારે વૃક્ષો કાપવાની અનિવાર્યતા ઉભી થાય ત્યારે પહેલા એટલા જ વૃક્ષો ઉછેરી શકાય તેવું આયોજન કરવું જોઈએ.

**ઇકોફ્રેન્ડલી બનવું અનિવાર્ય**

- બને ત્યાં સુધી પ્લાસ્ટિકને બદલે કાગળની બેગનો વપરાશ કરવો.
- જમીનને કૃત્રિમ ખાતરના નુકસાનથી બચાવવા ઓર્ગેનિક ખેતીનો વિકલ્પ અપનાવો.
- ઈલેકટ્રોનિક્સ આઈટમની ખરીદી તેના સ્ટાર જોઈને કરો. જે ઈલેકટ્રોનિક્સ વસ્તુઓ ઓછી વીજળી કન્ઝ્યુમ કરતી હોય તેવી વસ્તુના વપરાશનો જ આગ્રહ રાખો.
- કમ્પ્યુટર, ટીવી, ચાર્જર વગેરેના પ્લગને જરૂર ન હોય ત્યારે અનપ્લગ કરી દેવા.

# પર્યાવરણની જાળવણીનો પડકાર : હાથનાં કર્યાં જ હૈયે વાગ્યાં

એકવીસમી સદીને ઉંબરે આવીને ઉભેલા વિશ્વ સમક્ષ જે આજે કોઈ સૌથી મોટી ચિંતાજનક સમસ્યા હોય તો તે છે. પર્યાવરણની જાળવાણી! ભૂતકાળમાં ક્યારેક નહોતી થઈ એવી આ ચિંતા થવા પાછળ કોઈ એક બે કારણ નથી, એવા અનેક વજૂદવાળાં કારણો છે જેણે કેવળ ભણેલા-ગણેલા માનવીઓની જ નહિ, ભલભલા માંધાતાઓની પણ ઉંઘ હરામ કરી દીધી છે. 'ભોપાલ ગેસ હોનારત' તો જેની આગળ ચટણી જેવી ગણાય, એવી ભયંકર હોનારતો મહાસત્તાઓના ઘરઆંગણે બની રહી છે. અને એનો સિલસિલો કયાં સુધી લંબાશે અને કોને હડપ કરી જશે એ કોઈ જાણતું નથી.

વીસમી સદીમાં એવું તે શું બન્યું કે પર્યાવરણની જાણવણી માનવહસ્તી માટે એક પડકાર બનીને ઉભી થઈ ગઈ ? આવો પ્રશ્ન થાય એ સ્વભાવિક છે. આ કોઈ કુદરતસર્જિત આપત્તિ નથી. માનવસર્જિત આફત છે. એટલું તો સૌ કોઈ સમજે છે કેમ કે આ તો 'હાથના કર્યાં જ હૈયે વાગ્યાં' છે. વિજ્ઞાન અને ટેકનોલોજીની અભૂતપૂર્વ સિદ્ધિઓની ફુલાઈ ગયેલા માનવીએ કુદરતને નાથવાના અને સંપત્તિની જમાવટ કરીને ભૌતિક-દૈહિક સુખ ભોગવવાના જે ખતરારૂપ



અખતરા કર્ય તેન એ લીધે જ 'પ્રદૂષણ'નો ધોધ છૂટયો; જેણે પર્યાવરણનું પાવિત્ર્ય છિન્નભિન્ન કરી નાખ્યું. એટલું જ નહી, કુદરતી સમતુલાને એટલી હદે ખોરવી નાખી કે, એકબીજાને આધારે ટ્કતી-નભતી જીવંત સૃષ્ટિની જીવનશૈલી પ્રદૂષિતને કલુષિત થતાં. હવા-પાણી અનાજ શાકભાજી બધું જ અશુદ્ધ અને જંતુયુક્ત બની જતાં. માનવીના આયુષ્ય અને આરોગ્ય માટે ભયંકર ખતરો ઉભો થયો.

પશુ, પક્ષી,સમુદ્રજીવન, વૃક્ષ-વનસ્પતિ બધું 'હું ભોગવું તેમ ભોગવાય' એવા મિથ્યા ખ્યાલમાં રાચતા માનવીના હાથમાં વિજ્ઞાન અને ટેક્નોલોજીનું અમોઘ શસ્ત્ર આવ્યું અને એણે ટર્બાઈન પંપની સહાયથી ભૂગર્ભ જળની અને ખનિજ તેલની રાશિને અનિતયંત્રિત રીતે ઉલેચવા માંડી. કારખા અને વસવાટની જંગી ભૂખ સંતોષવા તોતીંગ વૃક્ષો ધરાશાયી કર્યા. રાસાયણિક ઉદ્યોગની જડીબુટ્ટી હાથ આવી એટલે રાક્ષસી જદના કારખાના નાખ્યા આ કારખાનાએ સલ્ફર ડાયોક્સાઈડ માંડી અનેક ઝેરી ગેસ ઓકવા માંડ્યા એટલું જ નહિ, રોજનું અબજો ગેલા પાણી વાપરી વાપરીને, અશુદ્ધ થયેલા દૂષિત જળ કયાંક સમુદ્રમાં, કયાંક સરોવરમાં, કયાંક નદીમાં, કયાંક કોતરમાં તો , કયાંક ખાણોમાં પડતરોમાં ઠાલવવા માંધા. આ ઉચ્છિષ્ટ, અપેય, અનુપયોગી જળની સાથે રસાયણોનું મિશ્રણ પર ઠલવાતું ગયું. પરિણામે નદી, સરોવર, સમુદ્રના પાણી એવા વિનાશક થયા કે યુગોથી જે વિઘાતક અસર થઈ એના આંકડા જો પ્રગટ થાય તો એ વાંચીને જ કઈકના હાર્યફેઈલ થઈ જાય!

આજના સ્વાથી માણસો પોતાને માટે મોજશોખની વસ્તુઓ મેળવવા પાર્યવરણો નાશ કરે છે. દંતૂશૂળ મેળકકા તે હાથીઓનો શિકાર કરે છે. પીંછા મેળવવા મોરએ મારી નાખે છે. મુલાયમ રૂવાંટીવાળાં પર્સ બનાવવા તે સસલાંને રહેંસી નાખે છે. ઘરનું રાચરચીલું બનાવવા તે આડેધડ વૃક્ષો કાપે છે. આમ, માનવી પોતે જ પર્યાવરણની સમતુલાને જોખમમાં મૂકી રહ્યા છે.

અંતે તો, પર્યાવરણની જાળવણીના તાતકાલિક અમલમાં આવે એવા બે ઉપાયો યોજવા 'વિશ્વ પર્યવારણ દિવસ' નિમિત્તે પ્રતિજ્ઞા લઈએ : ૧. ઓદ્યોગિક પ્રદૂષણ રોકવું અને ૨. કુદરતે જન્માવેલી વનશ્રી, જળસંપત્તિ પ્રાણજીવનને નષ્ટ:પ્રાય થતું અટકાવવું. તેના અમલીકણ માટે કેવળ સરકાર કે સરકારી તંત્ર જ નહિ એકએક જાગૃત નાગરિક આગળ આવે તો જ આપણે પર્યાવરણની જાણવળીનો યક્ષપ્રશ્ન ઉકેશી શકીએ.

(સૌજન્ય : વેબદુનિયા.કૉમ)

## જન્મદિને વધામણી



**નીતિન એન. પટેલ**
મો. ૯૫૫૮૫ ૮૨૦૬૮



**હર્ષ મુકેશભાઈ પટેલ**
મો. ૯૯૯૮૭ ૪૫૪૧૦



**શિવમ રાજુભાઈ શર્મા**
મો. ૯૯૨૫૪ ૩૫૩૦૪

# વૃક્ષારોપણનો કોઈ વિકલ્પ નથી એ સમજી લઈએ

સૂર્યમંડળનો ગ્રહ પૃથ્વી પર જળવાયુ પરિવર્તનના દુષ્પ્રભાવોને કારણે ઘણા પ્રકારના સંકટો ઉભા થઈ રહ્યા છે, અને વિશેષજ્ઞોનુ કહેવુ છે કે અવાર-નવાર વાવાઝોડુ, ચક્રાવાત, વરસાદ, દુકાળ, કાર્બન ડાયોક્સાઈડના ઉત્સર્જનમાં વૃધ્ધિ અને જીવલેણ બીમારીઓ એ સંકેત છે કે માનવને પ્રકૃતિની સાથે છેડછાડ બંધ કરી દેવી જોઈએ નહિતો આ ગ્રહ પરથી જીવન સમાપ્ત થઈ જશે.

સેંટર ફોર સાયંસ એંડ એનવાયમેંટ (સીએસઈ)જણાવે છે કે વિવિધ દેશને વારંવાર ચક્રાવાત અને વાવાઝોદાનો સામનો કરવો પડી રહ્યો છે, જેને કારણે જળવાયુ પરિવર્તન પણ છે. તોફાનો અને ચક્રાવાતની આવવાની અવધિ પણ નાની થતી જઈ રહી છે.

તમિલનાડુ અને આંધ્રપ્રદેશમાં આવેલ તોફાન 'લૈલા' જળવાયુ પરિવર્તનના દુષ્પ્રભાવોનું જ પરિણામ હતું. જળવાયુ પરિવર્તનને કારણે જ દુકાળના પ્રભાવ અને વરસાદન ચક્રમાં પણ ફરક જોવા મળી રહ્યો છે. વાયુમંડળમાં કાર્બન ડાયોક્સાઈડના સ્તરમાં વૃધ્ધિનુ એક કારણ મોટી સંખ્યામાં વૃક્ષ કાપવાનું પણ છે. પર્યાવરણ હિતેચ્છુ સંસ્થા 'સીએમએસ એંવાયરમેંટ' જણાવે છે કે એક વૃક્ષ કાપવાથી તેની ભરપાઈ ખૂબ જ મુશ્કેલીપૂર્વક થાય છે. બીજીવાર રોપવામાં આવેલ વૃક્ષો પર નવા પાન આવવામાં સમાય લાગે છે, પરંતુ એકવાર તેમને જીવન મળી જતાં તે પહેલાની જેમ જ ઓક્સિજન આપે છે.



મોટા અને લગભગ ૫૦થી ૬૦ વર્ષ જૂનાં વૃક્ષોને બીજીવાર રોપવામાં સફળતાનો દર ૭૫ ટકા છે. વૃક્ષોને કાપવાથી થનારા નુકશાનની ભરપાઈના માટે મોટાભાગે શહેરના બાહરી વિસ્તારમાં વૃક્ષારોપણ કરવામાં આવે છે. પરંતુ તેનાથી શહેરની અંદરનું વાતાવરણ બેઅસર રહે છે. તેથી શહેરી વિસ્તારની અંદર જયાં પણ શક્ય હોય ત્યાં વૃક્ષારોપણ કરવુ જોઈએ.

જળવાયુ પરિવર્તનના કારણે મલેરિયા, ડેંગૂ અને ચિકનગુનિયા જેવી બીમારીઓના કેસ વધ્યા છે. તેનાથી બચવા માટે વૃક્ષારોપણ સહિત પર્યાવરણ પર ધ્યાન આપવાની સાથે જ સ્વાસ્થ્ય ક્ષેત્રમાં સુધારો લાવવાની પણ જરૂર છે. અત્રે એ ઉલ્લેખનીય છે કે પ્રતિ વ્યક્તિ કાર્બન ડાયોક્સાઈડ ઉત્સર્જનના કેસમાં ઓસ્ટ્રેલિયા, કેનેડા અને અમેરિકા ટોચ સ્તર પર છે. ઓસ્ટ્રેલિયામાં પ્રતિ વ્યક્તિ કાર્બન ડાયોક્સાઈડ ઉત્સર્જનની માત્રા ૨૦.૨૪, અમેરિકામાં ૨૦.૧૪ અને કેનાડામાં ૧૯.૨૪ છે. વિકાશશીલ દેશ આ બાબતમાં ખૂબ પાછળ છે. બ્રાઝીલમાં આ માત્રા ૧.૯૪, દક્ષિણ આફ્રિકામાં ૯.૫૬, ચીનમાં ૪.૦૭ અને ભારતમાં માત્ર ૧.૦૭ છે. કાર્બન ડાયોક્સાઈડના ઉત્સર્જનમાં જે પ્રકારનો વધારો થઈ રહ્યો છે તેથી એવો ભય ઊભો થયો છે કે સન ૨૦૫૦ સુધી ગ્રીન હાઉસ ગેસોનુ સ્તર ૫૫૦ પીપીએમ સુધી જતું રહેશે. વિશેષજ્ઞોનું કહેવું છે કે જો આવું થયું તો ૨૦૫૦ સુધી તાપમાન ત્રણથી પાંચ ડિગ્રી સેલ્યિયસ સુધી વધી શકે છે, જ્યારે કે તાપમાનમાં બે ડિગ્રી સુધીનો વધારો પણ ખતરનાક હોઈ શકે છે. ઘણા રિપોર્ટમાં ખુલાસો થઈ ચૂક્યો છે કે તાપમાનમાં વધારો થવાથી ગરમ હવાના થપેડા અને દુકાળ અને પૂર જેવી વિપત્તિઓમાં વધારો થશે, સમુદ્રનું જળસ્તર વધશે અને ઉષ્ણ કટિબંધીય ચક્રવાતોમાં પણ વધારો થશે.

આપણે આ ન ઈચ્છતા હોઈએ તો આપણે વૃક્ષારોપણ માટે કટિબદ્ધ થવું જ રહ્યું.

## સંસ્કાર ગૃપ દ્વારા પર્યાવરણ દિન ઉજવવામાં આવશે

ગાંધીનગર, તા. ૪

વિશ્વ પર્યાવરણ દિવસની ઉજવણી નિમિત્તે સંસ્કાર ગૃપ દ્વારા વિવિધ કાર્યક્રમોનું આયોજન કરવામાં આવ્યું છે. આ અંગેની વિગતો આપતાં ગૃપના પ્રમુખ તુષાર દવેએ જણાવ્યું છે કે પર્યાવરણ જાગૃતિ અંગે પોસ્ટર્સ, ચિત્રોનાં માધ્યમથી પ્રયાસ કરવામાં આવશે. સેક્ટર-૧ તળાવ-ગાર્ડન ખાતે સાંજે ૬.૩૦થી ૭.૩૦ દરમિયાન આ કાર્યક્રમ હાથ ધરાશે, જેમાં ઉપસ્થિત રહેવા સૌ બાળકોને તેમણે ઈજન પાઠવ્યું છે.

# સૌની સંગ, વાયુ પ્રદૂષણ સામે કરીએ જંગ

**પ્રસંગસર**
**- નરેશ ઠાકર**

યુનાઈટેડ નેશન્સના નેજા હેઠળ વર્ષ ૧૯૭૨માં 'માનવ અને પર્યાવરણ' વિષયક મળેલ શિખર પરિષદથી દરવર્ષે ૫મી જૂનના રોજ વૈશ્વિક સ્તરે વિશ્વ પર્યાવરણદિન તરીકે ઉજવવામાં આવે છે. આ પ્રસંગ વૈશ્વિક મંચ પુરો પાડે છે, અને ૧૦૦થી વધુ દેશોમાં પર્યાવરણના લાખો હિત ધારકો ભાગ લે છે.

વિશ્વમાં ૯૦ ટકાથી વધુ લોકો બિન આરોગ્યપ્રદ હવા શ્વાસોચ્છવાસમાં લે છે. વાયુ પ્રદૂષણથી ફેફસાંનું કેન્સર, અસ્થમા, સ્ટ્રોક, હાર્ટના રોગો, ડિમેન્શિયા-મગજના રોગો જેવી મેડિકલ સમસ્યાઓ ઊભી કરે છે. વાયુ પ્રદૂષણ સંબંધિત કારણોથી દર વર્ષે ૭૦ લાખ લોકોના મૃત્યુ થાય છે. આથી, વિશ્વ પર્યાવરણ દિન- ૨૦૧૯નું ફોકસ 'વાયુ પ્રદૂષણ' પર કેન્દ્રિત થયું છે. જેનું વિષયવસ્તુ 'ટૂ ગેધર વી કેન, બીટ એર પોલ્યૂશન' જાહેર થયું છે. પ્રવર્તમાન સમયના કપરા પર્યાવરણીય પડકારોનો સામનો કરવા સચોટ પગલાં લેવાની માંગણી કરવાનો તેનો ધ્યેય છે. આ વિષયવસ્તુનો અર્થ 'સૌની સંગ,વાયુ પ્રદૂષણ સામે કરીએ જંગ' કહી શકાય.

વર્લ્ડ એર ક્વૉલિટી રિપોર્ટ-૨૦૧૮ મુજબ, દિલ્હી, ઢાકા (બંગલાદેશ), કાબૂલ (અફઘાનિસ્તાન), મનેમા (બહરિન), ઉલાનબાતાર (મંગોલિયા) શહેરોની વિશ્વમાં સૌથી ખરાબ હવાની ક્વૉલિટી છે. જેમાં, વાયુ પ્રદૂષણના મુખ્ય પાંચ સ્રોતો તરીકે ઘરગથ્થું કચરાને, ઉદ્યોગના વાયુ પ્રદૂષણને, ટ્રાન્સપોર્ટના વાહનોના ધુમાડાને, કૃષિ કચરાને બાળવાથી અને જુદાજુદા વૅસ્ટમાંથી ઉદભવતા વાયુઓને જવાબદાર ગણ્યાં છે.

કૃષિઃ કૃષિ ક્ષેત્રમાં વાયુ પ્રદૂષણના મુખ્ય સ્રોતો તરીકે પશુધન થકી તેમજ ખેતીવાડીના કચરાને ખુલ્લામાં બાળવાથી વાયુ પ્રદૂષણ થાય છે, તેવું સંશોધનમાં જણાયું છે. પશુધનના છાણમાંથી ઉદભવતો મિથેન વાયુ જમીન સ્તરના ઓઝોન માટે કારણભૂત છે, તેનાથી અસ્થમા અને શ્વસનની બીમારીઓ થાય છે. કાર્બન ડાયોક્સાઇડની તુલનામાં ગ્લોબલ વૉર્મિંગ માટે મિથેનવાયુ વધુ ઘાતક છે. ખેતીવાડીનો કચરો બાળવાથી કાર્બન ડાયોક્સાઇડ વાતાવરણમાં ભળે છે. વિશ્વસ્તરે નીકળતા તમામ ગ્રીન હાઉસ ગેસિસના લગભગ ૨૪ ટકા વાયુઓ કૃષિ, જંગલો અને અન્ય જમીન-વપરાશમાંથી ઉદભવે છે. આ કૃષિ સ્ત્રોતોમાંથી નીકળતા વાયુઓથી થતું વાયુ પ્રદૂષણ ઘટાડવા માટે આપણો ખોરાક વનસ્પતિ આધારિત કરવો જોઈએ. આપણે ખાદ્યનો બગાડ ઘટાડી શકીએ. પશુધનમાંથી ઉદભવતા મિથેનને ઘટાડવા માટે ખેડૂતોએ પશુઓની ખોરાક પાચન ક્ષમતાને શ્રેષ્ઠ બનાવવા માટે પશુઓના ચારા તેમજ ગોચર જમીનના વ્યવસ્થાપનમાં સુધારો કરવો જોઈએ.

ઘરગથ્થુઃ ઘરમાં રસોઈ બનાવવા, ઘરને હૂંફાળું અને અજવાળુ રાખવા માટે અશ્મિભૂત બળતણ, લાકડા અને અન્ય બાયોમાસ આધારિત બળતણથી થતો ધુમાડો ઘરગથ્થું વાયુ પ્રદૂષણના મુખ્ય સ્રોત તરીકે ગણાય છે. દર વર્ષે ઘરમાં થતા વાયુ પ્રદૂષણના કારણે ૩૮ લાખ લોકોના વિશ્વમાં અકાળે મૃત્યુ થાય છે. તેમાંના મોટાભાગના લોકો વિકાસશીલ દેશોના છે. ૧૯૩ દેશોમાંથી, ૯૭ દેશોમાં ૮૫ ટકાથી વધુ પરિવારોના ઘરોમાં સુધારો થયો છે, જ્યાં હવે ધુમાડારહિતનું બળતણ ઉપલબ્ધ બન્યું છે. જો કે, હજી ૩ બિલીયન લોકો ઘરમાં રસોઈ બનાવવા, ઘરને હૂંફાળું અને અજવાળું રાખવા માટે લાકડા અને કોલસા જેવા નક્કર બળતણ વાપરીને આગ પેટાવવાનું ચાલુ રાખે છે. વધુ આધુનિક ચૂલા કે સ્ટવ્સ તેમજ ધુમાડારહિત બળતણ વાપરવાથી આવા લોકો માટે માંદગીના જોખમો ઘટાડીને તેમના જીવન બચાવી શકે છે.

ઉદ્યોગઃ ઘણા દેશોમાં ઊર્જા ઉત્પાદન વાયુ પ્રદૂષણનું પાયાનું સ્રોત બન્યું છે. જેમાં કોલસા




આધારિત પાવર પ્લાન્ટનો વાયુ પ્રદૂષણમાં મુખ્ય ફાળો છે. જ્યાં ઈલેકિટ્રક સપ્લાયની લાઈન નથી, તેવા ઑફ-ગ્રીડ વિસ્તારોમાં ડીઝલ જનરેટરના વધતા વપરાશથી થતું વાયુ પ્રદૂષણ વધુ ચિંતાજનક છે. કેટલીક ઔદ્યોગિક પ્રક્રિયાઓ તેમજ સોલવન્ટનો કેમિકલ એકમો તેમજ ખાણખનીજ ઉદ્યોગોમાં થતા વપરાશથી પણ વાયુ પ્રદૂષણ થાય છે. ઊર્જા કાર્યક્ષમ અને ઉત્પાદનમાં વધારો કરવા માટે બિન પરંપરાગત ઊર્જા સ્રોતોનો વધારો કરવાના ધ્યેયની નીતિઓ અને કાર્યક્રમો દેશની હવા ગુણવત્તાને સુધારી શકે છે. બિન પરંપરાગત ઊર્જાના ઉત્પાદન, કલીનર પ્રોડકશન, ઊર્જા કાર્યક્ષમતા તેમજ પ્રદૂષણ નિયંત્રણમાં રોકાણોને, ૧૯૩માંથી ૮૨ દેશોએ લાભ આપીને પ્રોત્સાહિત કર્યા છે.

ટ્રાન્સપોર્ટઃ વૈશ્વિક સ્તરના ઊર્જા સંબંધિત લગભગ એક ચતુર્થાંશ જેટલો કાર્બન ડાયોક્સાઇડ ટ્રાન્સપોર્ટ ક્ષેત્રમાંથી વાતાવરણમાં ભળે છે. ટ્રાન્સપોર્ટના વાહનોથી થતા વાયુ પ્રદૂષણને કારણે લગભગ ૪ લાખ લોકોના અકાળે મોત થયા છે. વાયુ પ્રદૂષણ સંબંધિત કુલ મૃત્યુના અડધોઅડધ મોત ટ્રાન્સપોર્ટ વાહનોના ડીઝલ ઉત્સર્જનને લીધે થયેલ છે. ગીચ ટ્રાફિક રૂટની નજીક રહેતા લોકોને ડિમેન્શિયા જેવા મગજને લગતા રોગ થવાની ૧૨ ટકા શક્યતા વધુ રહે છે. ખાસ કરીને શહેરી વિસ્તારોના વાતાવરણની ગુણવત્તા સુધારવા માટે, વાહનોમાંથી નીકળતા વાયુ પ્રદૂષકોના ઉત્સર્જનને ઘટાડવું આવશ્યક છે. કલીનર બળતણો અપનાવવા તેમજ વાહનમાંથી નીકળતા વાયુ પ્રદૂષકોના ૯૦ ટકા કે તેનાથી વધુ ઉત્સર્જનને ઘટાડવા માટે કડક ધોરણો દાખલ કરવા માટે અદ્યતન વાહનોની નીતિઓમાંસુધારો કરવો આવશ્યક છે.

વૅસ્ટઃ ખુલ્લામાં બાળવામાં આવતો કચરો તેમજ લેન્ડફિલમાં ભરવામાં આવતો ઓર્ગેનિક કચરો વાતાવરણમાં ભળતા હાનીકારક ડાયોક્સિન્સ, ફુરોન્સ, મીથેન અને બ્લેક કાર્બનના સ્ત્રોતો ગણાય છે. વિશ્વમાં ૪૦ ટકાથી વધુ કચરો ખુલ્લામાં સળગાવી દેવામાં આવે છે. ૧૯૩માંથી ૧૬૬ વિકાસશીલ દેશોના શહેરી વિસ્તારોમાં કૃષિ અને/અથવા મ્યુનિસિપલ કચરાને ખુલ્લામાં બાળવામાં આવે છે. સોલીડ વૅસ્ટને એકત્ર કરવો, છૂટો પાડીને નિકાલ કરવાની પદ્ધતિમાં સુધારો કરવાથી ખુલ્લામાં અથવા લેન્ડફિલ્ડમાં કચરો બાળવાના કિસ્સાઓનો ઘટાડો કરવામાં મદદરૂપ બને છે. ઓર્ગેનિક કચરાને અલગ કરીને ખાતર અથવા બાયો-એનર્જીમાં ફેરવવાથી જમીનની ફળદ્રુપતામાં સુધારો થાય છે. તેનાથી વૈકલ્પિક ઊર્જા સ્રોત મળે છે. એક તૃત્યાંશ ખોરાકનો બગાડ થાય છે અથવા ફેંકી દેવામાં આવે છે. આવો કચરો ઘટાડવાથી હવાની ગુણવત્તામાં પણ સુધારો થઈ શકે છે.

અન્ય સ્રોતોઃ જ્વાળામુખી ફાટવો, ધૂળનાં વંટોળ અને અન્ય અસામાન્ય કુદરતી ઘટનાઓથી થતી વાયુ પ્રદૂષણની સમસ્યાઓ પણ વિશેષ ચિંતાઓનું કારણ બને છે. તેઓ રોગ ઉપદ્રવી અને હાનિકારક સૂક્ષ્મ રજકણો ફેલાઈ શકે છે. તેનાથી તીવ્ર અને લાંબાગાળાની શ્વસન સમસ્યાઓ ઊભી થાય છે .

સરકારની ભૂમિકાઃ હવાની ગુણવત્તામાં વધારે સુધારો કરવા માટે, હાનિકારક વાયુ પ્રદૂષકોને ઘટાડવા, ઉદ્યોગો પર નવા પગલાં લેવાની આવશ્યકતાઓ લાદવા બાબતે સરકાર વિચારણા કરી શકે છે. પેટ્રોલ અને ડીઝલ આધારિત જૂનીકાર પર પ્રતિબંધ લાદવાનું નક્કી કરવું જોઈએ. બિન પરંપરાગત ઊર્જા સ્રોતો વિકસાવવા વધુ લાભ આપવાનું વિચારવું જોઈએ. નેશનલ એર ક્વૉલિટી એકશન પ્લાનમાં સુધારો કરવો. હવા ગુણવત્તામાં સુધારો કરવા, પ્રદૂષણના વધારાના સ્રોતો શોધી કાઢવા તેમજ હાનિકારક પદાર્થો સામે રક્ષણ કરવા માટે મોનિટરિંગ સિસ્ટમને મજબૂત બનાવવી જોઈએ. હવાની ગુણવત્તાના સંબંધિત ધારાધોરણોની પૂર્તતા થાય તેવા તબક્કાવાર તમામ શહેરોને આવરી પગલાં લેવા જોઈએ. પર્યાવરણ, કલાયમેટ ચેન્જ અને કિલન એર વિષયક સમયાંતરે ઝુંબેશ યોજવા માટે એનજીઓ અને શૈક્ષણિક સંસ્થાઓને વધુ પ્રોત્સાહિત કરવા જોઈએ.

વાયુ પ્રદૂષણ ખાળવા આપણી કામગીરીઃ આપણે સૌ સ્વચ્છ હવાને જ શ્વાસમાં લેવા ઈચ્છુક છીએ, તેવું દર્શાવવા માટે ચાલો, ૨૪મી મે ૨૦૧૯થી ૫મી જૂન ૨૦૧૯ દરમિયાન ફેસ માસ્ક પહેરીએ. વાયુ પ્રદૂષણ ઘટાડવા માટે આપણી રોજીંદી જીવન શૈલીને બદલવાનું નક્કી કરીએ. જાહેર ટ્રાન્સપોર્ટનો ઉપયોગ કરીએ અથવા કાર શેરિંગ કરીએ, સાયકલ ચલાવીએ અથવા ચાલવાનું પસંદ કરીએ. હાઈબ્રિડ અથવા ઈલેકિટ્રક વાહનને પસંદ કરીએ અથવા ઈલેક્ટ્રિક ટેક્સીઓનો ઉપયોગ કરીએ. થોભાવેલી કારનું એન્જિન બંધ રાખીએ. માંસ અને ડેરી ઉત્પાદનોનો વપરાશ ઘટાડીને મિથેનના ઉત્સર્જનમાં ઘટાડો કરવા સહાયક બનીએ. ઓર્ગેનિક ખાદ્ય કચરો ખાતર બનાવવા માટે આપીએ. પ્લાસ્ટિક, કાગળ જેવો રિસાકલેબલ કચરો અલગ આપીએ. આવાસને હૂંફાળું કે ઠંડું રાખવા માટે ઉચ્ચ કાર્યક્ષમ સીસ્ટમ અને સાધનોનો ઉપયોગ કરીએ. ઉપયોગમાં ન હોય ત્યારે લાઈટ અને ઈલેક્ટ્રોનિક્સની સ્વિચ બંધ કરીને ઊર્જા બચાવીએ. નોન-ટોક્સિક રંગો પસંદ કરીએ. ભલે આપણે કોઈ વ્યવસાયિક, સરકારી, શાળામાં અથવા વ્યક્તિગત સ્વનિર્ભર હોઈએ, તેમ છતાં આપણે 'બીટ એર પોલ્યૂશન' ઝુંબેશમાં સહાયક બની શકીએ છીએ. હવાની ગુણવત્તામાં સુધારો લાવવા ચાલો આપણે કટીબદ્ધ થઈએ અને આપણી આસપાસના લોકોને પ્રેરિત કરીએ.

# ગાંધીજીનો વિનોદ

॥ ૪૮મો મણકો ॥

**૧૧૭ - સામાન ભલે પ્રથમ વર્ગમાં મુસાફરી કરે**

યુરોપના મહાન તત્ત્વચિંતક, સાહિત્યકાર અને શાંતિવાદી રોમાં રોલાંને મળવા ગાંધીજી ગયા હતા. ત્યાંથી ગાંધીજીને વિદાય આપતી વેળાએ રોમાં રોલાં અને ગાંધીજી એકબીજાને ભેટ્યા. એ એક હૃદયસ્પર્શી અને પાવન દૃશ્ય હતું.




પછી ઉતાવળમાં ગાંધીજી તેમની હમેશની ટેવ મુજબ ત્રીજા વર્ગના ડબ્બા તરફ ગયા. સ્વિટ્ઝર્લૅન્ડની સરકારે ગાંધીજી માટે પ્રથમ વર્ગના ડબ્બાની સગવડ કરી હતી. તેમનો સામાન પણ તે ડબ્બામાં ગોઠવી દેવામાં આવ્યો હતો.

ગાંધીજીને ત્રીજા વર્ગના ડબ્બામાં ચડતા જોઈ રોમા રોલાં બોલ્યા : અરે થોભો, એ ત્રીજા વર્ગનો ડબ્બો છે.

કંડક્ટરે કહ્યું, પ્રથમ વર્ગના ડબ્બામાં બેસો તો તમને વધારેનું ભાડું નહીં આપવું પડે. સરકારે આપને માટે એ વ્યવસ્થા કરેલી જ છે.

ગાંધીજી : પણ એ પ્રશ્ન જ ક્યાં છે ? સામાનને ત્રીજા વર્ગમાં મુકાવી દો.

મીરાંબહેન : બાપુ, એક વાર પ્રથમ વર્ગમાં બેસો તો ખરા, રોમ સુધીની લાંબી મુસાફરી છે. આપની તબિયત જોતાં એમાં બેસવું સગવડભર્યું ગણાશે.

ગાર્ડ : ત્રીજો વર્ગ તો ઘણો ભરચક છે.

ગાંધીજી : તો અહીંથી થોડાને ફર્સ્ટમાં મોકલી દો.

હું તો અહીં જ ચડું છું.

અંતે ગાંધીજી ત્રીજા વર્ગમાં ચડી ગયા.

એ ફેરફાર માટે હવે અમે રાહ જોઈ શકીએ નહીં. ગાડી આજે આપને લીધે જ અહીં થોભાવવામાં આવી છે, કંડક્ટરે ગણગણાં કહ્યું.

ગાંધીજી : ઠીક ત્યારે. ગાડી ઊપડે પછી જે વ્યવસ્થા કરવાની હોય તે કરો. ચાલો, બધા અહીં આવો.

ગાડીમાં બેસી બારીએથી ગાંધીજીએ ડોકિયું કર્યું. પ્રથમ વર્ગમાંથી સામાનને ત્રીજા વર્ગમાં લાવવાના વિચારમાં પડેલા પૉર્ટરોને તેમણે કહ્યું, હવે રહેવા દો, સામાન ભલે પ્રથમ વર્ગમાં મુસાફરી કરે.

એ વચનો સાંભળી પૉર્ટરો અને બીજા બધા હસી પડ્યા.



'ગાંધીજીનો વિનોદ' પુસ્તકમાંથી સાભાર